# સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોના લેખોમાંથી તારવાયેલ કેન્દ્રીય વિચારોની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં સમીક્ષા

ડૉ. ગિરીશકુમાર પી. રાવલ
એસોસિએટ પ્રોફેસર અને પ્રિન્સીપાલ-ઈન-ચાર્જ,
બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન
કોલેજ કેમ્પસ, મોડાસા, જિ.સાબરકાંઠા (ગુજરાત)

**સારાંશ**

આધુનિક યુગ માહિતી યુગ તરીકે પ્રસ્થાપિત થયો છે. માહિતીના પ્રચૂર વિસ્ફોટથી એક માહિતી સમાજ વિકસિત થયો છે. શૈક્ષણિક ટેક્નોલોજીના વર્તમાન સમયમાં વર્તમાનપત્રોનું આગવું મહત્ત્વ ઊભું થયું છે. ગુજરાતમા વર્તમાનપત્રાએ પ્રજાજીવના વિકાસની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં પ્રમુખ ભૂમિકા ભજવી છે.પરિણામ સ્વરૂપે વર્તમાનપત્રોએ માહિતી સંસ્કૃતિ (Information Culture) ને જન્મ આપ્યો છે. પ્રસ્તુત અભ્યાસના હેતુઓ મુજબ સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોના લેખોમાંથી તારવાયેલ કેન્દ્રીય વિચારો માંથી પ્રત્યેક લેખનો લેખસાર તૈયાર કરી અને તેમાં સમાવિષ્ટ કેન્દ્રીય વિચાર તપાસી અને પ્રત્યેક વિભાગના લેખોમાંથી તારવાયેલ સમીક્ષાત્મક નોંધ તૈયાર કરી છે. વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાંથી પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૨૧૮ લેખો શિક્ષણ વિષયક બાબતોને સ્પર્શતા હોવાથી આ બધા જ લેખોને તેર વિભાગમાં વર્ગીકૃત કરીને લેખોને ફાળવવામાં આવ્યા હતા. તારવાયેલ સમીક્ષાત્મક નોંધ અનુસાર વર્તમાનપત્રોએ સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ સમજી તેમજ પોતાની નૈતિક ફરજ સમજી શિક્ષણ વિષયક ઉચિત લેખો પ્રગટ કરી સમાજમાં વધુ જાગૃતિ લાવવી જોઈએ,વિદ્યાર્થીઓને જીજ્ઞાસાવૃત્તિ સંતોષાય તેવા વિવિધ પ્રકારના શૈક્ષણિક લેખો વર્તમાનપત્રોમાં વધુ પ્રગટ કરવા જોઈએ, શિક્ષણના એક સાધન તરીકે વર્તમાનપત્રનો શિક્ષક-વિદ્યાર્થી અને વાલી દ્વારા ઉપયોગ થાય તે માટેના સઘન પ્રયત્નો કરવા જોઈએ.

## ૧. પ્રસ્તાવના

આજનો આધુનિક યુગ માહિતી યુગ, જ્ઞાનનો યુગ અને સ્પર્ધાત્મક યુગ તરીકે પ્રસ્થાપિત થયો છે. તેમાં માહિતીના પ્રચૂર વિસ્ફોટથી એક માહિતી સમાજ વિકસિત થયો છે. શૈક્ષણિક ટેક્નોલોજીના વર્તમાન સમયમાં વર્તમાનપત્રોનું આગવું મહત્ત્વ ઊભું થયું છે. વર્તમાનપત્રોએ સમાજમાં જઈ કેળવણીના અનૌપચારિક શિક્ષણને સ્પર્શી લીધુ છે.વર્ગખંડની દિવાલોમાં લોકશિક્ષણ અધુરૂ રહી ગયું હોય તેને પૂર્ણ કરવાનો પ્રયાસ વર્તમાનપત્રની વિચારધારામાં છુપાયેલો છે.માહિતી ટેક્નોલોજી ના પ્રશસ્ય અને અસરકારક ઉપકરણોની વચ્ચે પણ વર્તમાનપત્રો પોતાનો દરજ્જો જાળવી રાખ્યો છે શૈક્ષણિક અને વહીવટીય સ્તરની ઉચ્ચતમ પરીક્ષાઓમાં સામાન્ય જ્ઞાનના ખજાના તરીકેનો એક વિચારસ્રોત વર્તમાનપત્રોની ભીતરમાં છે.આવનારા ભવિષ્યમાં વર્તમાનપત્રો જ્ઞાન-વિજ્ઞાન અને સમ્યક જ્ઞાનના કેન્દ્રો બનીને ઊભા થવાના છે તેમાં બે મત નથી. આમ, વિવિધ દષ્ટિકોણથી વર્તમાનપત્રો બહુવિધ કૌશલ્યમયી બન્યા હોવાથી અભ્યાસકે વર્તમાનપત્રોના લેખોમાંથી તારવાયેલ કેન્દ્રીય વિચારો ની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં સમીક્ષાનો અભ્યાસ હાથ ધરવાનું પસંદ કર્યુ છે.

## ૨. સમસ્યાકથન

પ્રયોજકે પોતાના સંશોધનનું શીર્ષક આ પ્રમાણે પસંદ કર્યુ હતું.

**સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોના લેખોમાંથી તારવાયેલ કેન્દ્રીય વિચારોની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં સમીક્ષા**

સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસા શહેરમાં પ્રાપ્ત થતા દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો પૈકી પ્રયોજકે ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર પસંદ કર્યા હતા. આ વર્તમાનપત્રો તથા તેની પૂર્તિઓમાં પ્રગટ થતાં શિક્ષણ વિષેના લેખોમાં શિક્ષણની કઈ બાબતોને રજૂ કરે છે. તેમજ વર્તમાનપત્રોના લેખોમાંથી તારવાયેલ કેન્દ્રીય વિચારો ની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં સમીક્ષાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

૧ . પ્રત્યેક લેખનો લેખસાર તૈયાર કરવો અને તેમાં સમાવિષ્ટ કેન્દ્રીય વિચાર તપાસવો.

૨ . પ્રત્યેક વિભાગના લેખોમાંથી તારવાયેલ સમીક્ષાત્મક નોંધ તૈયાર કરવી.

**૪. અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના પ્રશ્નો નીચે મુજબ છે.

૧ . સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસામાં પ્રાપ્ત થતા દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો પૈકી ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર તથા તેની પૂર્તિમાં શિક્ષણ વિષયક કેટલા લેખો છે ?

૨. વિષયવસ્તુના સંદર્ભમાં શિક્ષણ વિષયક બાબતોને કેટલા વિભાગમાં વર્ગીકૃત કરી શકાય ?

૩.લેખસાર પરથી કેન્દ્રીય વિચારો ની શૈક્ષણિક ભૂમિકાના સંદર્ભમાં સમીક્ષાત્મક નોંધ કેવી હશે ?

**૫. સંશોધનનુ ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસમાં વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોનો અભ્યાસ કરવાનો હોવાથી તત્ત્વજ્ઞાન તથા શૈક્ષણિક ટેક્નોલોજી આ અભ્યાસના ક્ષેત્રો છે.

**૬. સંશોધન પ્રકાર**

પ્રસ્તુત સંશોન અભ્યાસનો પ્રકાર ગુણાત્મક સ્વરૂપનું વિષયવસ્તુ વિશ્લેષણ છે.

**૭. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**૮.સંશોધન યોજના**

***૮.૧ વ્યાપવિશ્વ***

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સવારે પ્રસિદ્ધ થતાં અને મોડાસા શહેરમાં સવારેપ્રાપ્ત થતા ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોનો સમાવેશ કરેલ છે. જે આ મુજબ છે. (૧) સંદેશ (૨) ગુજરાત સમાચાર (૩) દિવ્ય ભાસ્કર (૪) જયહિન્દ (૫) જનસત્તા (૬) ગાંધીનગર સમાચાર (૭) ગુજરાત ટુડે (૮) પ્રભાત (૯)ફૂલછાબ (૧૦) ન્યૂઝ લાઈન સીધા સમાચાર.

આ અભ્યાસમાં સંશોધકે આ દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો અને પૂર્તિઓમાં પ્રગટ કરવામાં આવતા શિક્ષણ વિષયક લેખોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

***૮.૨ નમૂના પસંદગી***

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધક દ્વારા વ્યાપવિશ્વમાંથી તેના પ્રતિનિધિત્વરૂપ નાના ભાગને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, જેમાં, ૧.વિસ્તાર:મોડાસા શહેર, ૨.વર્તમાનપત્રોની ભાષા :ગુજરાતી, ૩. વર્તમાનપત્રો તથા તેની પૂર્તિઓ:સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર, ૪.અભ્યાસનો સમયગાળો :૧ ડિસેમ્બર ૨૦૧૨ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૨ સુધી એક માસ, ૫. લેખ : શિક્ષણ વિષયક લેખો.

***૮.૩ ઉપકરણ સંરચના***

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે. તેથી સંશોધક પોતાના સંશોધન કાર્ય દરમ્યાન અભ્યાસના હેતુ અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.

***૮.૪ માહિતી એકત્રીકરણ***

નમૂનામાં પસંદ પામેલા વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોમાં રજૂ થયેલી શિક્ષણ વિષયક બાબતોનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું,આ માટે ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.સંશોધકે નોંધપત્રકમાં તારીખ,દિવસ-વાર, વર્તમાનપત્રનું નામ, પૂર્તિનું નામ, નિયમિત કોલમનું નામ, લેખનું નામ, લેખકનું નામ, શિક્ષણ વિષયક બાબત, લેખ સારાંશ, કેન્દ્રીય વિચાર વગેરે જેવા વિભાગો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી અભ્યાસ હેઠળના લેખોમાંથી પ્રાપ્ત થનાર તમામ માહિતી નોંધપત્રકમાં સંશોધક દ્વારા નોંધવામાં આવી હતી. આ માહિતી સારણી દ્વારા વર્ગીકૃત કરવામાં આવી હતી.

***૮.૫ વર્તમાનપત્રોમાંથી પ્રાપ્ય માહિતીનું વર્ગીકરણ***

શૈક્ષણિક બાબતોનું વર્ગીકરણ કરી લેખોમાંથી તારવવામાં આવેલી બાબતોને વિષયવસ્તુના સંદર્ભમાં શિક્ષણ વિષયક બાબતોને૧૩ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી હતી, જે આગળ રજૂ કરવામાં આવી છે.

### ૮.૬ માહિતીનું પૃથક્કરણ

નમૂનામાં પસંદ પામેલા ચાર વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોમાં રજૂ થયેલ શિક્ષણ વિષયક બાબતો ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વર્તમાનપત્રમાં શિક્ષણની બાબતને સ્પર્શતા પ્રત્યેક લેખનો લેખ સારાંશ, કેન્દ્રીય વિચાર તેમજ સમીક્ષાત્મક નોંધ તૈયાર કરી અભ્યાસના હેતુ અનુસાર માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### ૮.૭ સારાંશ પરથી કેન્દ્રીય વિચારની તારવણી

અભ્યાસમાં સમાવેલા શિક્ષણ વિષયક લેખોના સારાંશ પરથી તેમાં રજૂ થયેલી અભ્યાસના સમયગાળા દરમ્યાન બધા જ લેખોનો કેન્દ્રીય વિચાર તારવી નોંધપત્રકમાં નોંધ કરવામાં આવી હતી. આ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય લઈ સૂચનો મુજબ ફેરફાર કરવામાં પણ આવ્યો હતો.

### ૮.૮ લેખનો પુનઃઅભ્યાસ સારાંશ અને શિક્ષણ વિષયક બાબતોની તારવણી

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ શિક્ષણ વિષયક લેખોનો ઊંડાણપૂર્વક પુનઃઅભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસ બાદ લેખમાંથી આવરાયેલી વિષયવસ્તુને સારાંશ રૂપે તારવવામાં આવી હતી. રજૂ થયેલી શિક્ષણ વિષયક બાબતને અલગ તારવવામાં આવી હતી. લેખમાં રજૂ થયેલી સમગ્ર વસ્તુને ધ્યાનમાં રાખીને સારાંશ તારવવામાં આવ્યો હતો. લેખની લંબાઈ તેમજ વિચાર વૈવિધ્યને ધ્યાનમાં રાખીને આશરે એક વાક્યથી લઈને આઠથી દસ વાક્યોમાં તૈયાર થયો હતો. આ સારાંશ લેખની કેન્દ્રવર્તી વિચારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો હતો.પ્રસ્તુત સંશોધનમાં વર્તમાનપત્રોમાંથી પ્રાપ્ય શૈક્ષણિક બાબતોનું વર્ગીકરણ તેર વિભાગોમાં કરવામા આવેલ છે. સમાવિષ્ટ કેન્દ્રીય વિચારમાંથી સમીક્ષાત્મક નોંધ તારવવામાં આવી હતી.

## ૯. શિક્ષણ વિષયક બાબતોના લેખોમાં સમાવિષ્ટ કેન્દ્રીય વિચાર અંગેનાં તારણો

વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાંથી પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોની સંખ્યા **સારણી ૧** મુજબ હતી.

**સારણી ૧**

**વર્તમાનપત્રો વચ્ચે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવાના સંદર્ભમાં તુલના**

| ક્રમ | વર્તમાનપત્રનું નામ | શિક્ષણ વિષયક લેખોની સંખ્યા |
|---|---|---|
| પ્રથમ | સંદેશ | ૭૧ |
| દ્વિતીય | દિવ્ય ભાસ્કર | ૫૭ |
| તૃતીય | ગુજરાત સમાચાર | ૪૬ |
| ચતુર્થ | ગાંધીનગર સમાચાર | ૪૪ |

વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાંથી પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૨૧૮ લેખો શિક્ષણ વિષયક બાબતોને સ્પર્શતા હોવાથી આ બધા જ લેખોને તેર વિભાગમાં વર્ગીકૃત કરીને લેખોને ફાળવવામાં આવ્યા હતા. (૧) શિક્ષણ સ્વરૂપ - ૧૯, (૨) શિક્ષણ ધ્યેયો - ૭, (૩) અભ્યાસક્રમ - ૮, (૪) શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા - ૧૦, (૫) શિક્ષક - વિદ્યાર્થી - વાલી - ૧૪, (૬) શાળા – સંસ્થા - સમાજ - ૧૧, (૭) પરીક્ષા - ૧૧, (૮) બાળશિક્ષણ - ૧૮, (૯) શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર - ૩૦, (૧૦) વિષય શિક્ષણ - ૨૬, (૧૧) અન્ય - ૧૫, (૧૨) શિક્ષણ ઉત્કર્ષ - ૩૪, (૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી - ૧૫, આ બધા જ લેખોમાં રજૂ થયેલ શિક્ષણ વિષયક બાબતોના કેન્દ્રીય વિચારો પરથી સમીક્ષાત્મક નોંધના તારણો પ્રાપ્ત થયા હતા, જે નીચે મુજબ છે.

## ૧૦. લેખોમાં સમાવિષ્ટ કેન્દ્રીય વિચારમાંથી તારવાયેલ સમીક્ષાત્મક નોંધ

**(૧) શિક્ષણ સ્વરૂપને સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણના સ્વરૂપ વિભાગમાં સમાવિષ્ટ ૧૯ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતા:★ વિદ્યાર્થીઓના મૂલ્યોનો વિકાસ કરવા માટે ITI, IIM, XLR, જેવી સંસ્થાઓએ શાળાઓને મદદ કરવી જોઈએ,★ શિક્ષણનું સ્તર સુધારવા માટે દર વર્ષે ગુણોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ,★ વિદ્યાર્થીઓમાં માનસિક અને શારીરિક ક્ષમતાઓનો વિકાસ માટે સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવી જોઈએ,★શિક્ષકોની ગુણવત્તા ઊંચી લાવવા માટે કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષા અમલમાં મૂકવી જોઈએ,★પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તા સુધારવા અંગ્રેજી વિષય પર ભાર મૂકવો જોઈએ.,★ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે નવી શિક્ષણ પદ્ધતિઓ જેવી કે, સેમેસ્ટર પદ્ધતિ, સતત મૂલ્યાંકન પદ્ધતિનો અમલ કરવો જોઈએ,★મફત અને ફરજીયાત શિક્ષણ સૌના માટે ઉપલબ્ધ થવુ જોઈએ,★સંસ્કૃત ભાષા તેમજ માતૃભાષાનું મહત્ત્વ શિક્ષણ જગતમાં વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ,★બાળકોમાં શિક્ષણ સાથે પ્રવૃત્તિઓનો વિકાસ થાય તેવા પ્રજ્ઞા અભિગમથી શિક્ષણ આપવું જોઈએ.

**(૨) શિક્ષણ ધ્યેયો સંબંધિત સમીક્ષાત્મક તારણો:** પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણના ધ્યેયોના ૭ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતા:★ગુણવત્તા માટે ગુણોત્સવ દ્વારા શાળાઓનું મૂલ્યાંકન કરવું, ★ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળાઓમાં રમતોત્સવ તથા

જિમની સુવિધાઓ ઉપલબ્ધ કરવી, ★ વિદ્યાર્થીઓમાં કૌશલ્યોનો વિકાસ કરવો, ★જીવનના પાઠ શીખવે તેવા શિક્ષણની જરૂર, ★ શિક્ષણ માટે વાલી-સમાજની જાગૃતિ અનિવાર્ય, ★ શિક્ષણમાં ગુણાત્મકતા લાવવા પ્રયત્નો કરવા.

(૩) **અભ્યાસક્રમ સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક્રમના ૮ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★ પી.ટી.સી.અભ્યાસક્રમ માટે નવુ માળખું, ★સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર પદ્ધતિ, ★પ્રવર્તમાન સમયના સંદર્ભના નવા અભ્યાસક્રમની માંગ, ★સેમેસ્ટર અને રીસર્ચ આધારિત અભ્યાસક્રમ, ★અનુભવ જન્ય શિક્ષણ તથા વ્યક્તિત્ત્વનું ગૌરવ થાય તેવા અભ્યાસક્રમની માંગ.

(૪) **શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થાના ૧૦ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતા:★સ્નાતક કક્ષાએ ઓપન યુનિવર્સિટીના ઈલેક્ટિવ વિષયો રાખવાની વિદ્યાર્થીઓને છૂટ, ★પ્રવૃત્તિ સાથે જ્ઞાન પ્રાપ્ત કરવાની પદ્ધતિ પ્રજ્ઞા અભિગમ, પ્રવાસ પદ્ધતિ અપનાવવી, ★અધ્યાપકોને વેતનની રીકવરી પાટ ટાઈપ રક્ષણ તથા ટેસ્ટ દ્વારા જ ભરતી, ★ કાર્ય ક્ષમતા કસોટીની સમિતિમાં સંચાલકોનું સ્થાન, ★બક્ષીપંચના દાખલાઓ શાળામાંથી જ મળશે, ★શિક્ષણની સ્થિતિ સુધારવા માટે ઉત્કૃષ્ટ સમાજની જરૂરિયાત.

(૫) **શિક્ષક-વિદ્યાર્થી-વાલી સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષક-વિદ્યાર્થી-વાલીના ૧૪ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★રમત, જ્ઞાન, સમાજ, ઉમંગ એટલે શિક્ષણની ગુણવત્તા, ★ ધોરણ- ૮ ને પ્રાથમિક શાળામાં સમાવવાથી શિક્ષકોને ફાજલ નહિ કરવામાં આવે, ★ શિક્ષકોની નબળી ગુણવત્તા તથા વાલીઓની ઉદાસી- નતામાં પરિવર્તન લાવવું, ★શિક્ષક-વાલી અને વિદ્યાર્થીઓનું ત્રિવેણી સંગમથી શિક્ષણનોઅભ્યુદય, ★શારીરિક ક્ષતિ શિક્ષણ માટે અવરોધ નથી, ★વિદ્યાર્થીઓના રસના વિષયને પ્રાધાન્ય આપવું, ★ટ્યુશન પ્રથાની બદીને દૂર કરવી, ★શ્રેષ્ઠ શિક્ષકો, શ્રેષ્ઠ બાળકોનું સન્માન કરવું.

(૬) **શાળા-સંસ્થા-સમાજ સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં શાળા-સંસ્થા-સમાજના ૧૧ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★ ગામડાંની શાળાઓમાં સુવિધાઓ ઊભી કરવી, ★શાળાઓએ ન.ઝ. અંગ્રેજીમાં આપવું, ★ યુવકોના શિરે સામાજિક ઋણ, ★રાષ્ટ્ર ઘડતર માટેનું શિક્ષણ, ★ મૂલ્યનિષ્ટ શિક્ષણ દ્વારા શ્રેષ્ઠ સમાજનું ઘડતર, ★ વિદ્યાર્થીના વિકાસમાં શાળાની ભૂમિકા, ★ શાળામાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાની ઉજવણી, ★વાલી-સમાજ જાગૃત રહે તો શાળા શિક્ષક ગુણવત્તા સભર બનશે.

(૭) **પરીક્ષા સબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં પરીક્ષાના ૧૧ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં: ★ 'મોક' પરીક્ષાનો પ્રયોગ, ★કોમન મેડીકલ એન્ટ્રન્સને સુપ્રિમની મંજુરી, ★ ધોરણ ૮-૯ માં પરીક્ષાના પ્રશ્ન પત્રોમાં વિકલ્પો, ★ ગેટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓમાં ઉદાસીનતા, ★ M.B.B.S માં એન્ટ્રન્સ ટેસ્ટ, ★Ph.D. માટે એન્ટ્રન્સ ટેસ્ટ, ★ બોર્ડની પરીક્ષામાં અલગ-અલગ પ્રશ્નપત્રો, ★ યોગ ટીચર્સ સર્ટીફિકેટ કોર્સ માટેની પરીક્ષા.

(૮) **બાળશિક્ષણ સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં બાળશિક્ષણના ૧૮ લેખોમાથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★ બાળકોના માનસિક તાણ માટે ઘોંઘાટ જવાબદાર પરીબળ છે, ★પ્રિ-સ્કૂલ શિક્ષણ વિકાસનો પાયો, ★ બાળવાર્તા, ગણિત, કાવ્ય, બોધ કથા, રંગપૂર્તિ, ચિત્ર, પ્રવૃત્તિ દ્વારા બાળકમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ, ★વાર્તા દ્વારા એકાગ્રતા કેળવવી તથા આત્મવિશ્વાસ વધારવો, ★જીજ્ઞાસા અને શોધ, શારીરિક શિક્ષણ, માતૃભાષા દ્વારા શિક્ષણ, ★ રસ-રુચિ મુજબ શિક્ષણ, ★વાચન ટેવ અને જ્ઞાન પ્રાપ્તિ માટેના પ્રયત્નો, ★શાળાઓમાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવી.

(૯) **શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક કારકિર્દી અને રોજગારના ૩૦ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★ શિક્ષણના વ્યવહારુ વિકાસ માટે શ્રેષ્ઠતા, ક્ષમતાનું નિર્માણ કરવું, ★પડકારથી કારકિર્દીનું ઘડતર, ★શાળાના આચાર્યો તથા શિક્ષકોની નિમણૂક અંગેના નિયમો, ★ ક્રિએટીવ કારકિર્દીનું નિર્માણ, ★જ્વેલરી ડિઝાઈનીંગ તરીકે કારકિર્દી, ★ વિદ્યાર્થીઓએ સફળતા મેળવવા પ્લાનિંગ, સ્વ-વિકાસ, નવા પડકારનો સામનો,સ્વ-મૂલ્યાંકન, શ્રેષ્ઠ પ્રદર્શન અને નકારાત્મકતા ટાળવી, ★ વ્યક્તિની સફળતા માટે સંયમ ઉત્તમ ગુણ, ★શરીર તંદુરસ્ત તો મન તંદુરસ્ત, ★ સફળતાની ફિલસૂફી શીખો કીડી પાસેથી, ★ભગવદ્ગીતામાંથી મળતુ માર્ગદર્શન, ★નવો દષ્ટિકોણ અપનાવીને શ્રેષ્ઠતા પામવાની ધૂન, ★ કપરી પરીસ્થિતિનો ધીરજથી સામનો કરો, ★ આત્મવિશ્વાસ દ્વારા શૈક્ષણિક કારકિર્દી.

(૧૦) **વિષય શિક્ષણ સંબંધિત સમીક્ષાત્મક તારણો:**પ્રસ્તુત અભ્યાસમાં વિષય શિક્ષણના ૨૬ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાં:★વિજ્ઞાન વિષય શિક્ષણ માટે ટી.બી.નું નિદાન, એઈડ્સ, હૃદય રોગનાં કારણો,કેન્સર સામે રક્ષણ, હિપેટાઈટીસ-બી, બેક્ટેરિયાનો અર્થ, આરોગ્ય દર્શનની જાણકારી, ★ગુજરાતી-સાહિત્ય શિક્ષણ માટે નિબંધ લેખન, માતૃભાષાનુ મહત્ત્વ, સાહિત્યમાં પ્રેમ, કવિ-લેખકો-નવલકથાકાર, વાર્તાકાર વગેરેનું પ્રદાન, ★ સ્મરણશક્તિ કેળવવા માટે ઉપાયો, ★સર્વધર્મ સમભાવ, ★ સાત સૂર્ય મંદિર ઉપર રીસર્ચ, ★ સ્વસ્થ મન બનાવો, જ્ઞાનનો ઉત્સવ જીવનલક્ષી બનાવો, ★ શિક્ષણમાં સુવિચાર, સંસ્કૃત મહિમા, વેદ સાહિત્યનું મહત્ત્વ.

**(૧૧) અન્ય શૈક્ષણિક સંબંધિત સમીક્ષાત્મક તારણોઃ**પ્રસ્તુત અભ્યાસમાં અન્ય શૈક્ષણિક બાબતના ૧૫ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાંઃ★ સેવાધર્મ દ્વારા શિક્ષણ, ★મહેનત કરવાથી શમણાં સાકાર થાય, ★ કર્મ કરવાનો અધિકાર તથા કામ કરતા રહો, ★સમય નથીનું બહાનુ ન કાઢશો, ★ સુખમાં જીવનનો સૂર્યોદય, ★સદ્ધર્મ વૈદિક ધર્મ તથા ગુરુ મહિમા, ★ ઈર્ષા શરીરના નાશનું કારણ છે, ★પ્રાર્થના દ્વારા શરીર અને મનને સ્વસ્થ રાખો, ★ પારકાના હિતમાં આપણું હિત, ★ આગવાપણું ઊભુ કરવું.

**(૧૨) શિક્ષણ ઉત્કર્ષ સંબંધિત સમીક્ષાત્મક તારણોઃ**પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ ઉત્કર્ષના ૩૪ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાંઃ★સુવિચાર દ્વારા શિક્ષણનો ઉત્કર્ષ, ★સરસ્વતી પ્રાર્થના દ્વારા શિક્ષણની શરૂઆત, ★કમ ખાઓ-ગમ ખાઓ, ★ અજ્ઞાન, શ્રદ્ધા આપવાનો આનંદ, બ્રહ્મની ઉપાસના, સાંસ્કૃતિક વારસાનું જતન, ★સફળતાની ચાવી વર્તમાનમાં જીવો, ★ અન્ય જીવન પ્રત્યે આસ્થા, સદ્વર્તન, ★વાણી વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે, ★ત્યાગીને ભોગવો અને મન,ક્રમ,વાંચનમાં એકરૂપતા રાખવી, ★સાચુ બોલવું, સંસ્કારોનું સિંચન, ઈશ્વર સ્મરણ, જવાબદારીનુ વહન, ધીરજ જેવા ગુણોનો વિકાસ કરવો, ★ગુરુ-શિષ્ય સંબંધો,મનનું ચિંતન,સત્યનો-માર્ગ, સારા ગ્રંથોનું વાચન.

**(૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી સંબંધિત સમીક્ષાત્મક તારણોઃ**પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ અને ટેક્નોલોજીના ૧૫ લેખોમાંથી પ્રાપ્ત તારણો આ મુજબ હતાંઃ★ગુણોત્સવમાં કમ્પ્યૂટરનો ઉપયોગ, ★ ઈ-બૂકનું વેચાણ અને ઈ-મેલ ડેલીગેશન, ★ગૂગલ સર્ચનું આધિપત્ય, ★ધોરણ-૫ માં કમ્પ્યૂટર શિક્ષણ મરજીયાત, ★શિક્ષણમાં વેબ સાઈટનો ઉપયોગ, ★ ફેસબુક દ્વારા IIT ના વિદ્યાર્થીઓને જોબ ઓફર, ★ સીડી અને ડીવીડીની બનાવટની જાણકારી, ★ લેબ વગર રાસાયણિક પ્રક્રિયા કરે તેવા સોફ્ટવેરની શોધ, ★માનવ શરીરનું સ્કીનિંગ, ★કમ્પ્યૂટર ક્ષેત્રે નવી શોધો, ★ નેટ પર ગાંધીજીના સૌથી વધુ સુવાક્યો, ★શિક્ષણમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો, ★સીડી અને વીસીડી પુસ્તકનું સ્થાન લઈ રહી છે તેની ચિંતા.

## ૧૧. ઉપસંહાર

આમ,અભ્યાસમાં સમાવિષ્ટ ચાર વર્તમાનપત્રોમાંથી ગાંધીનગર સમાચાર અને ગુજરાત સમાચારમાં શિક્ષણ વિષયક લેખોની સંખ્યા ઓછી છે તેથી તેમને વધારે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવા જોઈએ,શિક્ષણ વિષયક વધારે બાબતોને સમાવતા લેખો પ્રગટ થાય તેવા પ્રયત્નો વર્તમાનપત્રોએ કરવા જોઈએ, વર્તમાનપત્રોમાં નિયમિત પણે પ્રગટ થતી કોલમોમાં કેળવણીકારની કોલમોને અગ્રસ્થાન આપવું જોઈએ, પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણના ધ્યેયો અને અભ્યાસક્રમ અંગેના લેખો ઓછા પ્રાપ્ત થયા હતા તેથી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ તથા શિક્ષણના ધ્યેયો અંગે માર્ગદર્શન મળી રહે તેવા લેખો વર્તમાનપત્રોએ પ્રગટ કરવા જોઈએ,શિક્ષણ વિષયક મૂંઝવણ અનુભવતા લોકોને માર્ગદર્શન મળી રહે તે માટે તેમના પ્રશ્નો અને માર્ગદર્શનને સમાવતી કોલમ શરૂ કરવી જોઈએ,વર્તમાપત્રો દ્વારા સર્વેક્ષણ હાથ ધરી લોકોને કેવા શિક્ષણ વિષયક લેખો પસંદ છે તથા કેવા લેખોની જરૂરિયાત છે તે જાણી તે મુજબના લેખો પ્રગટ કરવા જોઈએ.

## સંદર્ભસૂચિ

૧. અંધારિયા, આર.આર. (૧૯૭૧), ગુજરાતી સામાયિકોમાં ગત વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા શૈક્ષણિક સાહિત્યના પ્રવાહો તપાસવા. ભાવનગર યુનિવર્સિટી.
૨. ઉચાટ, ડી.એ.અને અન્યો (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદઃ સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
૩. ગોહિલ, એમ.પી. (૨૦૦૧), સૌરાષ્ટ્ર પત્રકારત્વમાં જયહિન્દનો ફાળો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૪. દલાલ, યાસીન. (૧૯૮૧), અખબારનું અવલોકન. રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પત્રકારિત્વ ભવન.
૫. દેસાઈ, દિનેશ. (૨૦૧૦), ગુજરાતી દૈનિકપત્રોઃ તાસીર અને તસવીર. અમદાવાદઃગૂર્જર સાહિત્ય ભવન.
૬. નિમાવત, પી.એન. (૨૦૦૭), રાજકોટ શહેરમાંથી સવારે પ્રસિદ્ધ થતાં દૈનિક ગુજરાતી વર્તમાનપત્રોની શૈક્ષણિક ભૂમિકા. રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૭. મોદી, એસ.એમ. (૨૦૦૨), રાજકોટથી પ્રસિદ્ધ થતાં સવારના દૈનિકોની બુધવારની પૂર્તિ એક અભ્યાસ અહેવાલ. રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.